साहित्य मंथन
भारते भातु भारती
Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-2, Issue-10, Continuous Issue-16, November - December 2022

# "આબિદ સુરતી કૃત 'ગુલાબી સંધ્યાના પડછાયા'માં લોકપ્રિયતા"

કોઇપણ રાષ્ટ્રમાં વસતી પ્રજા અને સમાજનું અસ્તિત્વ તેની સભ્યતા, સંસ્કૃતિ, વ્યક્તિત્વ અને ચારિત્ર્યને કારણે અન્ય પ્રજા અને સમાજથી નિરાળું તેમજ જુદું તરી આવે છે. ગુજરાતી સાહિત્યના જાણીતા વિવેચક ડૉ.નરેશ વેદ 'સંસ્કૃતિ'ને ત્રણ પ્રકારે દર્શાવે છે - જેમાં એક લોક સંસ્કૃતિ, બીજી શિષ્ટ અથવા અભિજાત સંસ્કૃતિ અને ત્રીજી લોકપ્રિય સંસ્કૃતિ. આ ત્રણેય પ્રકારની સંસ્કૃતિનો જન્મ પ્રજા અને સમાજમાંથી જ થાય છે. તેથી તેને સહોદર સંસ્કૃતિ કહી શકાય. દરેક રાષ્ટ્રમાં વસતાં લોકો એકસાથે જીવન જીવે છે. આ સહજીવન દરમિયાન વ્યક્તિની રસ-રુચિ કેળવાય છે, એટલે કે એક જ રાષ્ટ્રમાં જુદી-જુદી સંસ્કૃતિ સાથે જોડાયેલા વર્ગો પણ જુદાં-જુદાં હોય છે. જેમાં કોઈક લોક સંસ્કૃતિને અપનાવે છે.તો કોઈક શિષ્ટ સંસ્કૃતિ તરફ ઢળે છે, તો કોઈક લોકપ્રિય સંસ્કૃતિને પસંદ કરે છે. આમ, આ ત્રણેય પ્રકારની સંસ્કૃતિમાંથી સાહિત્યનું સર્જન થાય છે. તેને લોક સાહિત્ય, શિષ્ટ સાહિત્ય અને લોકપ્રિય સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે.

સાહિત્ય એ સમયની માંગ છે, જ્યારે લોકપ્રિય સાહિત્ય એ લોકોની રસ-રુચિને મહત્વ આપતું હોવાથી જનસમુહને વહાલું લાગે છે. લોકપ્રિય સાહિત્ય અંગે આગળ વાત કરતાં પહેલા 'લોકપ્રિય' શબ્દનો અર્થ સમજવો અત્યંત આવશ્યક બને. તેથી વિવિધ શબ્દકોશમાં આપેલા અર્થો આ પ્રમાણે છે.

૧.સાર્થ ગુજરાતી જોડણી કોશ પ્રમાણે 'લોકપ્રિય' શબ્દનો અર્થ – લોકોમાં આદર પામેલું, લોકોને જેના માટે ચાહ હોય તેવું, લોકોને પ્રિય.

૨.ભગવદગૌમંડળ પ્રમાણે 'લોકપ્રિય' શબ્દનો અર્થ – જનસમુદાયમાં જેણે પ્રેમ ઉતપન્ન કરેલ હોય તેવું, જનપ્રિય, લોકોને વહાલું, લોકોને પ્રિય.

૩.મોટો કોશ પ્રમાણે 'લોકપ્રિય' શબ્દનો અર્થ – લોકોને પ્રિય, લોકોમાં આદર પામેલું.

૪.બૃહદ ગુજરાતી કોશ-ખંડ બીજા પ્રમાણે 'લોકપ્રિય' શબ્દનો અર્થ – લોકોમાં આદર પામેલું, લોકોમાં ચાહ હોય તેવું.

ઉપરોક્ત તમામ સંદર્ભોમાં 'લોકપ્રિય' શબ્દ માટે જે અર્થો કરવામાં આવ્યા છે. તેમાં લોકોની પસંદગી તરફ વધુ ભાર આપવામાં આવ્યો છે. એટલે લોકોને પસંદ આવવું જોઈએ. આથી લોકપ્રિય સાહિત્યને આ સંદર્ભે મૂકતાં એમ કહી શકાય કે સામાન્ય પ્રજાજનોનું મનોરંજન કરનારી કૃતિને આપણે 'લોકપ્રિય સાહિત્યકૃતિ' તરીકે જોઈ શકીએ છીએ. આમ 'લોકપ્રિયતા' શબ્દની સંજ્ઞામાં રહેલો શબ્દ 'લોક'ની વ્યાખ્યા કરવી અઘરી છે. અહીં એનો અર્થ એમ કરી શકાય કે પ્રજાનો મોટો વર્ગ જેમાંથી કેટલોક બાદ થઇ ગયેલો અને પછી બચેલો વર્ગમાંથી વાંચનમાં થોડીક રસ-રુચિ ધરાવતો નાનકડો વર્ગ તે 'લોક' છે. એ લોકોનું જન-મન-રંજન થાય એવી સરળ ભાષામાં પરિચિત કે રોમાંચક સામગ્રીમાંથી કથા-વાર્તા ગાળીને લોકો સુધી પહોંચાડાય છે, અને આ પ્રમાણે રચાતાં સાહિત્યને 'લોકપ્રિય સાહિત્ય' તેમજ તેના લખનાર સર્જકને લોકપ્રિય સાહિત્યકાર તરીકે ઓળખીએ છીએ.

' 'સાહિત્ય' અને 'લોકપ્રિય' બંને શબ્દો એકબીજાના વિરોધી નથી. ઘણીવાર એવું માનવામાં આવે છે કે જે લોકપ્રિય છે તે સાહિત્યિક દ્રષ્ટીએ ઉતરતી કક્ષાનું છે. એટલે કોઈ સર્જકને 'લોકપ્રિય સાહિત્યકાર' તરીકે ઓળખવામાં પોતાનું અપમાન લાગે છે. પરંતુ સાહિત્યની કોઈપણ કૃતિનો ઉદ્દેશ કે પ્રયોજન મુખ્યત્વે તો આનંદ આપવાનું જ હોય છે. તે સ્વીકાર્ય છે.

સામાન્ય રીતે સાહિત્યના સૌંદર્યશાસ્ત્રનો જો આધાર લઈએ તો તેમાં ભાષાનું વૈવિધ્ય, પ્રતીક, કલ્પન, પૂરાકલ્પન, છંદ, અલંકાર, લાઘવતા, ચોટદારપણું વગેરે અનિવાર્યપણે ગણાવી શકાય, પરંતુ શ્રી શિરીષ પંચાલનાં 'સમીપે' સામયિકમાં જાન્યુઆરી- માર્ચ ૨૦૧૨ ના અંકમાં 'લોકપ્રિય નવલકથાનું

સૌંદર્યશાસ્ત્ર' નામે લેખ પ્રગટ થયેલ છે. તેનો સીધો અર્થ એ થાય છે કે લોકપ્રિય નવલકથાનું સૌંદર્યશાસ્ત્ર બાકીના સાહિત્ય કરતાં અલગ પડે છે. આ અલગ પડવાનું કઈ રીતે સંભવિત છે. તેની ચર્ચા લેખમાં કરેલ છે.

'સાહિત્ય અને લોકપ્રિયતા' નામના લેખમાં ગુજરાતી સાહિત્યના જાણીતા સર્જક અને વિવેચક ડૉ.મણિલાલ. હ. પટેલ. સાહિત્યકૃતિઓને ત્રણ વિભાગમાં વિભાજિત કરે છે. જે આ પ્રમાણે છે –

૧. કળાત્મક કે સાહિત્યિક કૃતિઓ = આવી કૃતિઓને વિદ્વાનો, વિવેચક અને સુરુચિસંપન્ન ભાવકોનો નાનકડો વર્ગ સમજી શકે છે. સર્જકની કળા એમાં પરાકાષ્ઠાએ હોય છે.

૨. લોકભોગ્ય સાહિત્યકૃતિઓ = ભાવકો થોડાક પ્રયાસોથી કે ઓછીવત્તી કેળવાયેલી રુચિ ઉપરાંત સમજથી આવી કૃતિઓને પામે છે. સર્જકે અહીં સાહિત્યિક ગુણવત્તા સાચવવા સાથે સહજતા અને સરળતા પણ સાચવ્યાં હોય છે.

૩. લોકપ્રિય સાહિત્યકૃતિઓ = જેને સામાન્ય વાચક મનોરંજન મેળવવાના આશયથી વાંચે છે. એ કૃતિ એના ચિત્તમાં ખાસ ગુણવત્તાની છાપ પાડતી નથી. એ કરતી વાંચીને, રાજી થઈને, ભૂલી જવાની હોય છે.

ઉપરોક્ત ત્રણેય પ્રકારમાંથી એક વાત સ્પષ્ટ એ થાય છે કે સાહિત્યમાં 'લોકપ્રિય સાહિત્ય' એ બીજા સાહિત્ય કરતાં અલગ પડતો પ્રવાહ છે. મુખ્ય પ્રવાહ સાહિત્યનો છે, અને મુખ્ય પ્રવાહથી અલગ પાડવા માટે તેને આ પ્રકારની 'લોકપ્રિય' શબ્દની ઉપમા લગાડવામાં આવે છે, ત્યારે આજ સુધી 'સાહિત્ય' તરીકે ઓળખાતા મુખ્ય પ્રવાહને 'શિષ્ટ' એવી ઉપમા ધારણ કરીને નામાભિધાન કરાય છે. આથી 'શિષ્ટ સાહિત્ય' અને 'લોકપ્રિય સાહિત્ય' સંજ્ઞાઓ વચ્ચે એક એવી સંજ્ઞા કે જે 'લોક સાહિત્ય' નામે જાણીતી છે.

લોકપ્રિય સાહિત્યના સંદર્ભે ગુજરાતી ભાષાના સર્જક અને વિવેચક ડૉ.નીતિન મહેતા 'લોકપ્રિય અને લોકપ્રિય સાહિત્ય : કેટલાક કામ ચલાઉ નિરીક્ષણો' નામના લેખમાં નોંધે છે કે – "લોકપ્રિય સાહિત્ય એ મૂડીવાદીનું સંતાન છે, અને મુખ્યત્વે સમૂહ જોડે સંકળાયેલું હોય છે. સમૂહનું મનોરંજન કરવું એ જ એનું મુખ્ય ધ્યેય છે." આમ લોકપ્રિય સાહિત્ય એકબાજુથી મૂડીવાદી અને સમૂહના બંધનમાં જકડાયેલું છે. જ્યારે બીજી બાજુ પરંપરાગત રસમીમાંસાના ધોરણોથી મુક્તિ આપનારું પણ છે. તેથી લોકપ્રિયતા સ્વાભાવિક રીતે આપણી રોજબરોજની જિંદગી સાથે ભાર વિના સંકળાયેલી છે.

ડૉ.નીતિન મહેતા અર્થશાસ્ત્રની પરિભાષામાં વાત કરતાં હોય તે રીતે લોકપ્રિય સાહિત્યની સંજ્ઞા સંદર્ભે કહે છે કે- "લોકપ્રિય સાહિત્યમાં લેખક અને વાચક વચ્ચેનો સંબંધ માલનું ઉત્પાદન કરનાર વ્યાપારી અને તેનો ઉપભોગ કરનાર ગ્રાહક જેવો છે. લેખક માલ ઉતપન્ન કરે છે, ભાવક ઉપભોક્તા છે." આ બધા પાછળનું ગણિત સ્પષ્ટ થાય છે કે લોકપ્રિય લેખકનો ઈરાદો વાચકની રૂચિમાં વિશિષ્ટ પરિવર્તન લાવવાનો હોતો નથી. આ પ્રકારની કૃતિ માત્ર સરળતા પ્રદાન કરે છે. કલ્પના કે વ્યંજના માટેના અવકાશનો અભાવ વર્તાય છે.

લોકપ્રિય સાહિત્યની લાક્ષણિકતાઓ આ પ્રમાણે ગણાવી શકાય.

• ધારાવાહિક સાહિત્ય : લોકપ્રિય સાહિત્ય મુખ્યત્વે અલગ-અલગ વર્તમાન પત્રો કે સામયિકોમાં પ્રગટ થતું

હોય છે. કારણ કે આવા સાહિત્યના વાચકો એકી બેઠકે આખી કૃતિ વાંચવાને બદલે સમયાંતરે પ્રગટ થતાં

સાહિત્યને વાંચવાનું પસંદ કરે છે.

• દળદાર સાહિત્ય : લોકપ્રિય સાહિત્યની કૃતિઓ મોટાભાગે વિશાળ ફલક પર ફેલાયેલી હોય છે. તેનું કદ

વધારે હોય છે. મોટાભાગની નવલકથાઓને એકસાથે પ્રગટ કરવી શક્ય ન હોવાથી વિભાગો પાડીને તેનું

પ્રકાશન કરવામાં આવે છે.

• દ્વિપક્ષી વ્યવહારની શક્યતા : લોકપ્રિય સાહિત્ય ધારાવાહિકરૂપે લખાતું હોવાથી એકાધિક પ્રકરણો પ્રગટ

થયાં પછી વાચકોના પ્રતિભાવોને આધારે સર્જક કથામાં ફેરફાર કરતો હોય છે.

• લોકપ્રિય સાહિત્યને વ્યવસાયકેન્દ્રી અને ભાવકેન્દ્રી સાહિત્ય તરીકે પણ ઓળખી શકાય.

• લોકપ્રિય સાહિત્યની ભાષા એકદમ સીધી-સાદી-સરળ અને સામાન્ય માણસ સમજી શકે તેવી હોય છે.

તેમાં પ્રતીકાત્મકતા, વ્યંજનાત્મકતા અને શિષ્ટતા પ્રગટ થતાં શબ્દોનો ઉપયોગ બહુ ઓછો હોય છે.

• લોકપ્રિય સાહિત્યનો વ્યાપ આજે નવલકથા ક્ષેત્રે વિશેષ થઇ રહ્યો છે. જ્યારે નવલિકા, નિબંધ, કવિતાઓ

જેવા સ્વરૂપોમાં વિસ્તાર નાનો એવો હોવાથી તેમાં પ્રભુત્વ ઘટતું જાય છે.

• લોકપ્રિયતાના વિષયો મુખ્યત્વે પ્રણયકથા, સાહસકથા, પરીકથા, ઐતિહાસિક કથા, સ્મૃતિ કથા, જાસુસી કથા,

પ્રેરણાત્મક કથા, હાસ્યકથા, ગુઢ રહસ્ય, ચોરી, ખૂન, લૂટફાંટ રોમાંચ, યુદ્ધ, ક્રાઈમ, અશ્લીલ કે બીભત્સતા,

ભયાનકતા, રમુજ વગેરે હોય છે.

લોકપ્રિય સાહિત્ય સમયની માગ છે એમ કહીએ છીએ ત્યારે આજના યુગમાં લોકપ્રિય કથાલેખન તરફનો ઝોક વધી રહ્યો છે. મોટા પ્રમાણમાં નવલકથા સહિત્ય સ્વરુપનું ખેડાણ થઇ રહ્યું છે. મોટી સંખ્યામાં દર વર્ષે અનેક નવલકથાઓ પ્રગટ થાય છે. અનેક ફિલ્મો, વર્તમાનપત્રો, સામયિકો, ધારાવાહિકોંની માંગને લીધે આવું બની શકે છે. હાલમાં પ્રવર્તતી લેખનની માંગમાં એક સમાંતર પ્રવાહ એવો વટી રહ્યો છે કે જેમાં કશા મોટા પ્રયોગોને અવકાશ નથી. એમાં ઈતિહાસ કે સંશોધનનો છોછ નથી. એમાં માત્ર વાચકની ભૂખને સંતોષવાનો પ્રયત્ન, ચિત્તને બહેલાવવા, નિયમિત રીતે છાપાઓમાં પ્રગટાવવા, રેલ્વે કે બસ સ્ટેન્ડના બુક્સ સ્ટોલ પર જેના ઢગલા ખડકાય છે, સમય પસાર કરવા પ્રવાસમાં જે વંચાય છે. તેવા લેખકોની સક્રિયતાની અહીં વાત છે. આવા સર્જકો જોઈએ તો પ્રિયકાંત પરીખ, ચંદ્રકાન્ત બક્ષી, હરકિશન મહેતા, અશ્વીની ભટ્ટ, કાજલ ઓઝા વૈધ, કનુ ભગદેવ, ગૌતમ મહેતા, પરાજીત પટેલ, રજની કુમાર પંડ્યા, જીતેન્દ્ર પટેલ, વિભાવરી દવે, પીતાંબર પટેલ, દિલીપ રાણપુરા, ધીરજબેન પારેખ, નટવર ગોહેલ, કેશુભાઈ દેસાઈ, મહેશ યાજ્ઞિક, રસિક મહેતા, મુકેશ મસ્તફકીર અને આબિદ સૂરતી વગેરે નામો સક્રિય છે. આમ નવલકથાલેખન ક્ષેત્રે ઘણાં નામો રહી જાય છે. જેની કૃતિઓ જે - તે સમયગાળામાં મહત્વ ધરાવતી હોય અને કાળના પ્રવાહમાં પણ એ લુપ્ત થઇ ગઈ એમ એ સંભવિત છે, છતાં એમના પ્રદાનનું મુલ્ય જરાય ઓછું નથી. આ જ ઊંચા ગજાના સર્જકોની સામગ્રી બની રહેતી હોય છે. આ સર્જકો પૈકી આબિદ સૂરતી કૃત નવલકથા 'ગુલાબી સંધ્યાના પડછાયાને' મૂલવવાનો પ્રયત્ન કરીશું.

આબિદ સૂરતીનો જન્મ પાંચમી મે ઇ.સ. ૧૯૩૫ના રોજ ગુજરાતના રાજુલા પાસે વવેરા ગામમાં એક ગુજરાતી મુસ્લિમ પરિવારમાં દંપતી શ્રી ગુલામ હુશેન અને સકીના બેગમના ઘરે થયો હતો. બાળપણમાં પાંચ વર્ષની ઉંમરે તેઓ સુરત શહેરની તાપી નદીના પૂરમાં લપેટમાં આવી ગયા હતા. ત્યારપછી તેમનો પરિવાર મુંબઇ રહેવા ચાલ્યો જાય છે, અને મુંબઈના ડોંગરીમાં તેમનું બાળપણ વીતે છે, તેમના પિતાશ્રી સૂફી વિચારસરણીમાં માનનારા હતા. તેમણે ઈ.સ. ૧૯૫૪માં જે.જે.સ્કૂલ ઓફ આર્ટમાં પ્રવેશ લીધો. અને કલામાં ડિપ્લોમાં કર્યું. તેઓ બંગાળી લેખક શરદબાબુથી ઘણા પ્રભાવિત હતા. તેઓ હિન્દી, ગુજરાતી અને ઉર્દૂમાં પણ લેખન કાર્ય કરતાં હતા. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત એક ફિલસૂફ તરીકે કરી હતી. તે ચિત્રકાર, લેખક, કાર્ટૂનિસ્ટ અને પર્યાવરણવિદ તરીકેની ખ્યાતી મેળવી ચૂકયા છે. તેમના લગ્ન માસુમા બેગમ સાથે થયા હતા. અને બે દીકરાઓ તેમના સંતાનો છે. તેમણે લેખન ક્ષેત્ર નવલકથા, નવલિકા, નાટક, બાળસાહિત્ય, લઘુકથા, પ્રવાસવર્ણનો વગેરે સ્વરૂપોમાં પોતાની કલમ ચલાવી છે. તેમના પુસ્તકોના અનુવાદો પણ અન્ય ભાષામાં થાય છે. ચાળીસ કરતાં વધુ વર્ષથી તેઓ હિન્દી અને ગુજરાતી સમાચારપત્રો અને સામાયિકોમાં લેખ લખે છે. તેમને ઈ.સ. ૧૯૯૩માં લઘુકથાસંગ્રહ 'તીસરી આંખ' માટે રાષ્ટ્રીય પુરસ્કાર પણ પ્રાપ્ત થયેલ છે. તેમના સર્જન વિશે જોઈએ તો ૪૫ જેટલી નવલકથાઓ, ૧૦ જેટલા લઘુકથા સંગ્રહો, ૭ જેટલા નાટકો અને નવલિકા સંગ્રહો તેમજ બાળસહિત્ય કુલ મળીને ૮૦ કરતાં વધારે પુસ્તકો એમની પાસેથી મળે છે. તેમણે ટેલિવિઝન અને ફિલ્મની પટકથા લખવાના કાર્યમાં પણ સક્રિયતા દાખવી છે.

'ગુલાબી સંધ્યાના પાડછાયા' નવલકથા આબિદ સુરતીની છ અવિસ્મરણીય નવલકાથાઓ પૈકીની એક છે. છ અવિસ્મરણીય નવલકથાઓમાં કૅબરે ડાન્સર', 'વાસકસજ્જા', 'તૂટેલા ફરિશ્તા', 'ગુલાબી સંધ્યાના પડછાયા', 'પગલે પગલે પ્યાર' અને 'કાલી કિતાબ' વગેરેનો સમાવેશ થાય છે. નવલકથા 'ગુલાબી સંધ્યાના પડછાયા'માં કેન્દ્રસ્થ વિચાર એ પ્રગટ થાય કે બાળકના વાલીઓ જ્યારે બાળકને જરૂર કરતાં વધારે લાડ લડાવે ત્યારે તેનું જે પરિણામ આવે છે. એ દરેક વાલીઓ, માતા-પિતા કે પરિવારજનોએ જાણવા જેવું છે.

'ગુલાબી સંધ્યાનાં પડછાયા' ઈ.સ. ૧૯૮૨માં 'આસપાસ' સાપ્તાહિકમાં હફ્તાવાર પ્રકાશિત થાય છે. ત્યારે લેખકને વાચકવર્ગના અનેક પત્રો મળ્યાં છે. લેખકના એક મિત્ર ડેવિશ કે જે 'ગોલ્ડન ટોબેકો' કંપનીનો પ્રચાર વિભાગ સંભાળે છે. તેમની પાસેથી મળેલી માહિતી આ નવલકથા લખવામાં ઉપયોગી નીવડે છે. નવલકથા તદ્દન કાલ્પનિક રીતે લખાય છે. 'ગુલાબી સંધ્યાના પડછાયા' નવલકથા કુલ ૩૦૬ જેટલા પૃષ્ઠો અને ૨૨ જેટલા પ્રકરણોમાં વિભાજિત છે.

કથાનાયક સોમેન તેમના માતા-પિતાના લાડના કારણે ચોર, સંગદિલ, ક્રિમીનલ અને કપૂત જેવા નામોથી ઓળખાયો. તે ઈચ્છતો હતો સુખ-શાંતિ અને તેના પર તૂટી પડયો દુ:ખનો ડુંગર. તે ઈચ્છતો હતો નિર્મળ પ્રેમ અને 'ગુલાબી સંધ્યાના પડછાયા' જેનું મેઘધનુષ્ય ચિત્ર-વિચિત્ર પ્રકારના રંગોથી સર્જાયેલુ હોય. આ નવલકથાનાં પાત્રોમાં શક્તિ કપુર, લલિતા, શમા, બેગમ, જુલી, ઇન્સ્પેકટર ગોખલે, હવાલદાર, દગડુ, શિબ્બુ, રજાક, વલીખાન વગેરેનો સમાવેશ થાય છે. નવલકથાની શરૂઆત ફ્લેશબેક પધ્ધતિથી શરૂ થાય છે. નવલકથાની શરૂઆતમાં અને તેના અંતમાં ઇન્સ્પેકટર ગોખલેનું પાત્ર જોડાયેલું છે.

ડાયમંડ ટોબેકો કંપનીના માલિક શક્તિ કપુર અને તેની પત્ની લલિતાના ઘરે લગ્નને વર્ષો થયા બાદ પણ સંતાનનું પારણું હજી બંધાયું નહોતું. શક્તિકપુરને પોતાની સંપતિના વારસ તરીકે એક દીકરાનો જન્મ થાય તેવી મહેચ્છા હતી. જે અંતે ઘણાં પ્રયત્નો બાદ ફળે છે, અને તેમના ઘરે સાઈકલ ચોર સોમેનનો જન્મ થાય છે. વર્ષો પછી પ્રાપ્ત થયેલ સંતાનને શક્તિ કપુર ખુબ લાડથી ઉછેરે છે. પરિણામ પિતાના લાડને કારણે સોમેન બગડી જાય છે. ધનિક પરિવારમાં જન્મેલ અને ઉછરેલ સોમેન બાળપણથી જ કૂટેવો ગ્રહણ કરે છે. જે આગળ જતા ઉગ્ર રૂપ ધારણ કરે છે. સોમેન ભણવામાં પણ ઠોઠ અને રમતિયાળ પ્રકૃતિ ધરાવતો હતો. તેને સાઈકલ ચલાવવાનો અતિ ભારે શોખ હતો જે આગળ જતા પુના-બોમ્બે રેસ જીતે છે. શક્તિ કપુર પોતાના દીકરાને સાઈકલ સિવાયની બધી વસ્તુઓ લઇ આપે છે, પરંતુ સાઈકલ ન હોવાને કારણે સોમેને બીજા છોકરાઓને પોતાની કાર આપી સાઈકલ લઈને આનંદિત થઇ ઉઠતો હતો. એક સાંજે ગાર્ડનમાં સાઈકલ ચલાવતી વેળાએ શમા નામની યુવતી તેને

ગુલાબી સાડી પહેરીને ત્યાં બેસેલી નજરે ચઢે છે. અને તેનો આ પ્રથમ પ્રેમ નવલકથાના અંત સુધી સંકળાયેલો રહે છે.

જુલી, સોમેન અને શામાનો પ્રણય ત્રિકોણ આ નવલકથામાં સર્જાય છે. શક્તિકપુરની હયાતીમાં સોમેનનું જીવન જાહોજલાલીમાં વીતે છે. પિતાના મૃત્યુ બાદ સમગ્ર સંપત્તિનું દેવાળું ફૂંકાય છે. એકબાજુ શમા છે, જેને કોઈ ઘર નથી તે બેગમ-તવાયફની દીકરી અને નાચનારી સ્ત્રી છે જેને તે મહેફિલોમાંથી હટાવી સ્ટેજ પર લઇ જવા ઈચ્છે છે. જ્યારે બીજી બાજુ વિધવા લલિતા તેને છોડીને ચાલી જાય છે. સોમેન ચોરી, ડકૈતી, કાળાબજાર, પૈસાની હેરાફેરી જેવા કામોમાં સંડોવાઈને જેલ જાય છે, અને નિસ્વાર્થ પ્રેમની પ્રાપ્તિ અર્થે તે શમાને મેળવવા અને બેગમના પડકારને ઝીલવાનો પ્રયત્ન કરે છે. અંતે વાલીખાન મારફતે કોહીનુર હીરો ઇન્સ્પેકટરને મેળવી આપી અને મુંબઈ-પૂના રેસ જીતીને વિશ્વ રિકાર્ડ સર્જે છે.

'ગુલાબી સંધ્યાના પડછાયા' નવલકથામાં આ ભાષા સીદી-સાદી સરળ હોવા છતાં અંગ્રેજી શબ્દોનો પ્રયોગ પણ જોવા મળે છે જેમ કે નવલકથા વાંચતા તેમાં નજરે પડતાં શબ્દો લોકઅપ, ઇન્સ્પેક્ટર, મિસ્ટર, ડિપાર્ટમેન્ટ સ્ટોર, સેલ્સમેન, ઓફિસ, ડિસમિસ, અંકલ, ગોલ્ડ ફ્લેક, કાર કોન્ફરન્સ હોલ, ફાઈવ સ્ટાર હોટલ, વગેરે ક્યાંક ઊર્દૂ શબ્દનો પ્રયોગ પણ જોઈ શકાય છે જેમ કે બેગમ, તશરીફ, શમા, મહેફિલ, હવસ, મુબારકબાદ, હિસાબ, પાકિઝા, તવાયફ નારાજ વગેરે નવલકથાનુ ગદ્ય ક્યાંક ચોટદાર પણ બને છે જેમ કે "કુદરત પોતાના નિર્ધારિત સમયે પોતાના સર્વે કામ કરતી હોય છે. એમાં દખલ દેવાનું પરિણામ શુભ નથી આવતું." (પૃ.૮૦)

'ગુલાબી સંધ્યાના પડછાયા' માં રચાયેલ પાત્રસૃષ્ટિ પૈકી કથાનાયક સોમેન ચોર નહોતો છતાં પોતાની વૃત્તિને વશ થઈને બીજાની સાયકલ ફેરવવા લઈ જાય છે તેથી તે 'સાયકલ ચોર' કહેવાયો. તે દાંડ નહોતો છતાં અંધારી આલમ નો સાંઢ કહેવાયો. તેની છાતીમાં પણ કોમળ હૃદય હતું તે સંગ દિલ કહેવાયો પિતાને યમરાજના દ્વાર સુધી પહોંચાડના કપૂત કહેવાયો. આમ સોમેન જે પ્રકારનો ન હતો તે બની જાય છે. તે સુખ શાંતિની શોધમાં હતો અને તેના પર દુઃખનો ડુંગર તૂટી પડે છે. સોમેન સાયકલ ચોરના આરોપ સર લોકઅપમાં બંધ થાય છે ત્યારે પિતા શક્તિ કપૂર માટે અસહ્ય સિદ્ધ થાય છે. તેના પ્રાણ નીકળી જાય છે. અને ચિતા ભડકે બળીને રાખ થઈ ગઈ. આવી પરિસ્થિતિમાં લલિતાની મન: સ્થિતિનું આલેખન થયેલું જોઈ શકાય છે કે- "ઘરમાં સન્નાટો છવાઈ ગયો. વિશાળ ઓરડાઓ વાળા સૂમસામ બંગલાની ઉઘાડી બારીઓમાંથી સાંય સાંય કરતો પવન ફૂંકાઈ રહયો હતો. લલિતા એક ખૂણો પકડીને બેસી ગઈ."(પૃ.૧૭૧)

'ગુલાબી સંધ્યાના પડછાયા' નવલકથા ને લોકપ્રિયતાના શિખરે પહોંચાડવા માટે સૌથી અગત્યનું પાસું તેનું રસાળ કથાવસ્તુ છે. ત્યારબાદ પાત્રોની ગૂંથણી, ગુજરાતી-ઉર્દૂ-અંગ્રેજી શબ્દની રમઝટ, બાળક પ્રત્યેની કુટુંબની સાચી જવાબદારી અંગેનો સંદેશ અને કોહિનૂર હીરો મેળવી આપવાની અંતે રહસ્યતા વગેરે બાબતો નવલકથાની લોકપ્રિયતા સિદ્ધ કરે છે.

નવલકથાના અંતમાં સોમેનને પત્ની તરીકે પોતાની પ્રેમિકા શમા અને પોતાને છોડીને ચાલી ગયેલી માતા લલિતા એમ બંને મળી જાય છે. 'ગુલાબી સંધ્યાના પડછાયા' નવલકથાના પાત્રો, સીધી-સાદી-સરળ ભાષા, રસાળ કથાવસ્તુ, રોમાંચિત કરી મૂકતું શીર્ષક, આદિ-મધ્ય-અંતની ગૂંથણી, ફલેશબેક પધ્ધતિથી શરૂઆત, મનોરંજન કરાવતી વાર્તા વગેરેને લીધે લોકપ્રિયતાના શિખર સર કર્યા છે. આમ આ નવલકથામાં લાંબા ગાળે થયેલી સંતાનપ્રાપ્તિને કારણે હરખાયેલા દંપતીના વધુ પડતા લાડ પોતાના બાળકને આગળ જતા કેવા કામો તરફ પ્રેરી શકે તેનું પરિણામ શું આવે તેની વાત સર્જક અહીં મૂકીને રસાળ નવલકથાનું સર્જન કરે છે.

## ✴ **<u>સંદર્ભસૂચિ</u>**

૧. પંચાલ શિરીષ, લોકપ્રિય નવલકથાનું સૌંદર્યશાસ્ત્ર, સમીપે, જાન્યુ-માર્ચ-૨૦૧૨, પૃષ્ઠ-૫૩ .

૨. પટેલ મણિલાલ હ. ગુજરાતી સાહિત્યકોશ ભાગ-૩, ગુજરાતી સાહિત્ય પરિષદ,અમદાવાદ.
૩. ભગવદગોમંડળ-ભાગ-૧, પ્રવીણ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ-૧૯૫૪,
૪. મહેતા નીતિન, લોકપ્રિય અને લોકપ્રિય સાહિત્ય, ફેબ્રુઆરી ૨૦૦૭.
૫. રતિલાલ નાયક, મોટો કોશ, અક્ષરા પ્રકાશન, સુધારેલી આવૃત્તિ-૧૯૯૯,
૬. શાસ્ત્રી કેશવરામ- કાશીરામ, બૃહદ ગુજરાતી કોશ ખંડ બીજો, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ,૧૯૮૧.
૭. શુક્લ તન્વી શુક્લ નરેશ, સાહિત્ય અને લોકપ્રિયતા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૮.
૮. સાર્થ ગુજરાતી જોડણી કોશ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, સુધારેલી આવૃત્તિ ૧૯૬૭.
૯. સુરતી આબિદ, ગુલાબી સંધ્યાના પડછાયા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૧૯૮૨.

---

નામ :- શેખ શહેનાઝબાનું મોહમદઝુબેર
એમ.એ, બી.એડ, અને પી એચ.ડી.સ્કોલર
સરનામું :- ૨/૫૧૨૯-રૂસ્તમપૂરા પોલીસ ચોકી પાસે
રાવણતાડ સુરત – ૩૯૫૦૦૨
E-mail Id- shenaazshaikh0@gmail.com
મોબાઈલ નંબર:- ૯૯૨૫૬૫૯૫૦૮